# માનનીય રમેશભાઈ ટીલાળાની સ્પીચ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહમાં મને સન 2024–25ના વર્ષના અનુદાનો માટેની માંગણીઓ પરની ચર્ચામાં બોલવાનીમને તક આપવા બદલ હું આ ગૃહ પ્રત્યે મારી આભારની લાગણી પ્રગટ કરું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ઉદ્યોગ વિષય પરની ચર્ચામાં ભાગ લેતાં મારે જણાવવું છે કે કોઈપણ દેશના વિકાસ માટે ઉદ્યોગો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા હોય છે. દેશની આર્થિક તાકાત માટે ઉદ્યોગોનો વિકાસ ખૂબ જ જરૂરી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મને કહેતા આનંદ થાય છે કે દેશનું સુકાન જ્યારથી આદરણીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીસાહેબના મજબૂત હાથમાં આવ્યું છે, ત્યારથી આપણાં દેશે વિકાસનો નવો અધ્યાય લખવાની શરૂઆત કરી દીધી છે. નવા ઉદ્યોગો અને ઉદ્યોગકારો આપણે ત્યાં આવે એ માટે જરુરી માળખાકીય સુવિધાઓ સાથે કર રાહતો આપીને ઉદ્યોગોને સ્થિર થવાની તક પૂરી પાડી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સ્ટાર્ટઅપ ઇનોવેશન યોજના –2015 પૂર્ણ થતા તા. 1 સપ્ટેમ્બર 2020 થી સ્ટાર્ટઅપ ઇનોવેશન યોજના –2020 અમલમાં આવી છે. જે માટે સ્ટાર્ટઅપને પ્રતિ માસ રૂપિયા 20000 અને જો આવું સ્ટાર્ટઅપ મહિલા દ્વારા થયું હોય તો રૂપિયા 25000 પ્રતિ માસ આપવાની જોગવાઈ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આવા સ્ટાર્ટઅપને સિડ સપોર્ટ તરીકે પ્રતિ સ્ટાર્ટઅપ રૂપિયા 3 લાખ તથા સ્કીલ ડેવલોપમેન્ટ માટે 1 લાખની સહાય અને વ્યાજ સહાય આપવાની જોગવાઈ છે. વધુમાં માર્ગદર્શક સંસ્થાને રૂપિયા 15 લાખ અને પ્રમોશનલ ઈવેન્ટના આયોજન માટે 5 લાખ સુધીની સહાયની જોગવાઈ કરવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સરકારશ્રી દ્વારા મોટાં કદના ઉદ્યોગોને સહાય માટેની યોજના અંતર્ગત એરોસ્પેસ અને ડિફેન્સ સેકટર માટે પ્રોત્સાહક યોજના અમલમાં મુકવામાં આવી છે. જેમાં આવા એકમોને કેપિટલ રોકાણની કેશ સબસીડી તથા વ્યાજ સહાય મળવાપાત્ર છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

આ યોજના થકી ગુજરાત રૂપિયા 852.60 કરોડ જેટલી રકમનું મૂડીરોકાણ આકર્ષવામાં સફળ રહ્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ઔદ્યોગિક નીતિ 2020 હેઠળ "સ્કીમ ફોર કેપિટલ સબસીડી ટુ લાર્જ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ થ્રસ્ટ સેકટર" જાહેર કરવામાં આવ્યા છે. આ યોજનાનો સમયગાળો 7 ઓગસ્ટ 2020થી 6 ઓગસ્ટ 2025 સુધીનો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ યોજનામાં સહાય પાત્ર એકમને ઉત્પાદનની તારીખથી 10 વર્ષ સુધી સમાન ભાગમાં મળવાપાત્ર છે. આ યોજના થકી અંદાજિત 31557 કરોડ જેટલું મૂડીરોકાણ આકર્ષવામાં ગુજરાત સફળ થયું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાત રાજ્યમાં રેલવેની માળખાકીય સુવિધા માટે ગુજરાત રેલ ડેવલોપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી છે. જે અંતર્ગત કટોસણા – બેચરાજી અને બેડી પોર્ટ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

નેશનલ હેન્ડલૂમ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ હેઠળ કુટિર ઉદ્યોગ અને હાથશાળ ક્ષેત્રના કારીગરો માટે વિવિધ સહકારી મંડળીઓ હેઠળ કારીગરોના ઉત્થાન માટે જરૂરી સહાય કરવામાં આવે છે. આ માટે બજેટમાં રૂપિયા 550 લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

મને કહેતા આનંદ થાય છે કે, ગુજરાત સરકારે આ બજેટમાં રાજકોટ ખાતે ઈમિટેશન પાર્ક શરુ કરવાની જાહેરાત કરી છે. જેમાં 136 કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. આ ઈમિટેશન પાર્ક થતાં અનેક લોકોને એનો લાભ મળવાનો છે. રાજકોટનું ઈમિટેશન ઈમિટેશન આજે વિશ્વસ્તરીય બની ગયું છે. આખા વિશ્વમાં અહીંની પ્રોડક્ટ એકસપોર્ટ થઈ રહી છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગત દસમી તારીખે આવાસ લોકાર્પણ કાર્યક્રમમાં માનનીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે રાજકોટની બહેનો સાથે સંવાદ કરેલો. જેમાં આ બહેનોએ જણાવેલું કે અમે ઈમિટેશન જ્વેલરીનું કામ કરીને સારી આવક મેળવી રહ્યા છીએ. માનનીય પ્રધાનમંત્રીશ્રીએ સંવાદમાં બહેનોની આ પ્રવૃત્તિને બિરદાવી હતી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ ગૃહની અંદર અનુદાનો પરની માંગણીઓને હું મારું સમર્થન જાહેર કરું છું.

**ધન્યવાદ**